प्रथम अपील अरजी नं. ०१
તા.૧૬/૦૭/૨૦૧૯

**અરજદાર:–** શ્રી રવિ એસ.ધમદે

**સામાવાળા:–** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર મેડીકલ કોલેજ)

**વિષય :–** **પ્રથમ અપીલ નં.૦૧, તા.૧૬/૦૭/૨૦૧૯.**

**સંદર્ભ :–** **(૧)** આર.ટી.આઈ.એકટ હેઠળ મુળ આઈ.ડી.નં.૧૦૦,તા.૨૮/૦૨/૨૦૧૯ ની માહિતી માંગતી અરજી.

**(૨)** અત્રેથી સ્મીમેર/આઉટ નં.૫૬૨૩, તા.૦૧/૦૩/૨૦૧૯ થી સંપૂર્ણ અરજી સ્મીમેર હોસ્પિટલ ખાતે તબદીલ કરવામાં આવેલ.

**(૩)** જે અત્રેનાં વિભાગને ફેર તબદીલ થઈ સ્મીમેર/આઈ.ડી.નં.૦૫, તા.૨૨/૦૪/૨૦૧૯ થી મળી નોંધાયેલ છે.

**(૪)** અત્રેથી અરજદારને સ્મીમેર કોલેજ/આઉટ નં.૫૭૩, તા.૦૪/૦૫/૧૯ થી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર.

**(૫)** અરજદારની મુળ પ્રથમ અપીલ અરજી તા.૦૫/૦૪/૨૦૧૯.
(જે અત્રેનાં વિભાગને તબદીલ થઈ સ્મીમેર/ઈન/નં.૩૨૭૦, તા.૧૬/૦૭/૨૦૧૯ થી મળેલ છે.)

**(૬)** સ્મીમેર/આઉટ વર્ડ નં.૧૭૬૦, તા.૧૯/૦૭/૧૯ થી અરજદારને સુનાવણીમાં ઉપસ્થિત કરાવવા બાબતેનો પત્ર.

**(૭)** સ્મીમેર/આઉટ વર્ડ નં.૧૯૫૫, તા.૦૨/૦૮/૧૯ થી અરજદારને ફરી એક તક આપી સુનાવણીમાં ઉપસ્થિત કરાવવા બાબતેનો પત્ર.

**અરજદારની હકીકત :–**

અરજદારશ્રી રવિ એસ.ધમદે સંદર્ભ–(૧) હેઠળની માહિતી માંગતી અરજી અત્રે મળેલ. જે સ્વીકારી જરૂરી અરજીનો અભ્યાસ કરતા તે હોસ્પિટલનાં કાર્યક્ષેત્રમાં (સત્તામંડળમાં) આવતી હોવાનુ જણાતા સંદર્ભ – (૨) થી જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(સ્મીમેર હોસ્પિટલ) ને સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ. ત્યારબાદ જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(હોસ્પિટલ) દ્વારા સંદર્ભ (૩) થી તે જ અરજી ફરી મુદ્દા નં.૩) અને ૪) અત્રેનાં જાહેર સત્તામંડળને લાગુ પડતી હોવાનુ જણાવી જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(સ્મીમેર મેડીકલ કોલેજ) ને અંશતઃ તબદીલ કરવામાં આવેલ છે. જે અન્વયે સંદર્ભ – (૪) થી જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રી દ્વારા અત્રેથી મુદ્દા નં.(૩) અને (૪) અન્વયે પ્રત્યુત્તર / માહિતી પુરી પાડવામાં આવેલ છે.

અરજદાર દ્વારા નારાજ થઈ જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(હોસ્પિટલ) ને સંબોધીને તા.૦૫/૦૪/૧૯ નાં રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(હોસ્પિટલ) દ્વારા અરજદારશ્રીની તા.૦૫/૦૪/૨૦૧૯ નાં રોજની પ્રથમ અપીલ અરજી અત્રેનાં સ્મીમેર મેડીકલ કોલેજ ખાતેનાં અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસશ્રીને તબદીલ કરવામાં આવેલ છે. જે સ્મીમેર/ઈન/નં.૩૨૭૦, તા.૧૬/૦૭/૧૯ નાં રોજ પ્રાપ્ત થયેલ છે.જે અત્રે પ્રથમ અપીલ નં.૦૧ થી નોંધાયેલ છે.

સંદર્ભ–(૫) થી અત્રે પ્રાપ્ત થયેલ પ્રથમ અપીલ સંદર્ભે રૂબરૂની મૌખિક સુનાવણી થઈ આવવા સંદર્ભ – (૬) અને (૭) થી અરજદારશ્રીને પત્ર પાઠવવામાં આવેલ હોવા છતાં અરજદારશ્રી હાજર રહેલ નથી અને ગેરહાજર રહેવા બાબતે તેઓનાં તરફથી કોઈ લેખિત રજુઆત પણ કરવામાં આવેલ નથી.જે અંગેની રોજકામમાં નોંધ કરવામાં આવેલ છે.

જેથી અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી દ્વારા " અરજદારને માંગેલ માહિતી પૈકી જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(હોસ્પિટલ) દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવેલ મુદ્દા નં.૩) અને ૪) ની પ્રત્યુત્તર / માહિતી અત્રેથી પુરી પાડવામાં આવેલ.

અરજદારની અરજીમાં મુદ્દા નં.૧,૨ અને ૫(આંશિક) નો અત્રેથી ફરી અભ્યાસ કરતાં સદર માહિતી અત્રેનાં સત્તા મંડળને સ્પર્શતી હોવાનુ જણાતુ ન હોય,માહિતી અત્રેથી પુરી પાડવાની રહેતી નથી.જ્યારે <u>અત્રેનાં સત્તા મંડળને લાગત</u> " <u>મુદ્દા નં.૫) ની અંશતઃ નહી પુરી પડાયેલ માહિતી અરજદારશ્રીને પુરી પાડવાની રહે છે."</u>

ઉપરોકત તમામ હકીકતો અવલોકનમાં લેતાં નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવાનો રહે છે.

# <u>હુકમ</u>

અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી (આઈ.ડી.નં.૦૧/૨૦૧૯–૨૦) ધ્યાને લેતા તા.૨૯/૦૭/૧૯ અને તા.૦૭/૦૮/૧૯ નાં રોજ રાખવામાં આવેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીને ૦૨(બે) વખત જાણ કરવા છતાં હાજર રહેલ નથી. જયારે હાજર રહેલ જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રીની સ્પષ્ટતા ધ્યાને લેતા અત્રેથી લાગત મુદ્દા નં.(૩) અને (૪) ની માહિતી પુરી પાડવામાં આવેલ છે.જયારે <u>મુદ્દા નં.૫) ની અંશતઃ નહી પુરી પડાયેલ માહિતી અરજદારશ્રીને દિન – ૦૩(ત્રણ) માં પુરી પાડવા જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને હુકમ કરવામાં આવે છે.</u>

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(બી.સી.ખુંટ)
પ્રથમ અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર
સ્મીમેર મેડીકલ કોલેજ

સ્મીમેર/આઉટ નં.
તા.     /૦૮/૨૦૧૯

RIGHT TO INFORMATION

પ્રથમ અપીલ અરજી નં. ૦૨
તા.૨૨/૧૧/૨૦૧૯

**<u>અરજદાર:–</u>** શ્રી વેંકન્ના સૌમેયા વેમુલા

**<u>સામાવાળા:–</u>** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર મેડીકલ કોલેજ)

**વિષય :–** **પ્રથમ અપીલ નં.૦૨, તા.૨૨/૧૧/૨૦૧૯.**

**સંદર્ભ :–**
**(૧)** આર.ટી.આઈ.એકટ હેઠળ મુળ આઈ.ડી.નં.૪૨,તા.૨૭/૦૯/૨૦૧૯ ની માહિતી માંગતી અરજી.
**(૨)** અત્રેથી સ્મીમેર/આઉટ નં.૬૭૧૨, તા.૧૬/૧૦/૨૦૧૯ થી સંપૂર્ણ અરજી સ્મીમેર હોસ્પિટલ ખાતે તબદીલ કરવામાં આવેલ. (જે અત્રે સ્મીમેર/આઈ.ડી.નં.૩૧,તા.૧૬/૧૦/૨૦૧૯ થી નોંધાયેલ છે)
**(૩)** અત્રેથી અરજદારને સ્મીમેર કોલેજ/આઉટ નં.૩૪૫૪, તા.૨૧/૧૦/૧૯ થી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર.
**(૪)** અરજદારની મુળ પ્રથમ અપીલ અરજી તા.૨૨/૧૧/૨૦૧૯. (જે અત્રેનાં વિભાગમાં સ્મીમેર/ઈન/નં.૭૫૩૯, તા.૨૨/૧૧/૨૦૧૯ થી પ્રથમ અપીલ નં.૦૨ થી નોંધાયેલ છે.)
**(૫)** સ્મીમેર/આઉટ વર્ડ નં.૩૮૩૭, તા.૨૬/૧૧/૧૯ થી અરજદારને સુનાવણીમાં ઉપસ્થિત કરાવવા બાબતેનો પત્ર.

**<u>અરજદારની હકીકત :–</u>**

અરજદારશ્રી વેંકન્ના સૌમૈયા સંદર્ભ–(૧) હેઠળની માહિતી માંગતી અરજી અત્રેનાં સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે સંદર્ભ – (૨) થી પ્રાપ્ત થયેલ છે.જે અત્રે આઈ.ડી.નં.૩૧,તા.૧૬/૧૦/૧૯ થી નોંધાયેલ છે. મુળ માહિતી માંગતી અરજીમાં મુદ્દા નં.(૧) સદર આપ સાહેબની હોસ્પિટલમાં તા.૩૦/૦૭/૧૯ નાં રોજ કેટલા મૃતદેહોને પોસ્ટપોર્ટમ કરેલ છે તેની વિગત. (૨) સદર આપ સાહેબની હોસ્પિટલમાં તા.૩૦/૦૭/૧૯ નાં રોજ કેટલા મૃતદેહોને પોસ્ટમાર્ટમ કરેલ છે તે તમામના નામ સરનામા સહીતની વિગત. (૩) સદર આપ સાહેબની હોસ્પિટલમાં તા.૩૦/૦૭/૧૯ નાં રોજ કેટલા મૃતદેહોને પોસ્ટમાર્ટમ કરેલ છે તે તમામના કયા કયા કારણોસર મૃત્ય થઈ છે તેની રીપોર્ટ સહીતની વિગત. (૪) સદર આપ સાહેબની હોસ્પિટલમાં તા.૩૦/૦૭/૧૯ નાં રોજ કેટલા મૃતદેહોને પોસ્ટમાર્ટમ કરેલ છે તે તમામમાં કયા લોકોનો આલ્કોહોલ કે ઝેરી દવા પીવાને કારણે મૃત્ય થઈ છે તેની રીપોર્ટ સહીતની વિગત. (૫) સદર આપ સાહેબની હોસ્પિટલમાં તા.૩૧/૦૭/૧૯ નાં રોજ કેટલા મૃતદેહોને પોસ્ટપોર્ટમ કરેલ છે તેની વિગત. (૬) સદર આપ સાહેબની હોસ્પિટલમાં તા.૩૧/૦૭/૧૯ નાં રોજ કેટલા મૃતદેહોને પોસ્ટમાર્ટમ કરેલ છે તે તમામના નામ સરનામા સહીતની વિગત. (૭) સદર આપ સાહેબની હોસ્પિટલમાં તા.૩૧/૦૭/૧૯ નાં રોજ કેટલા મૃતદેહોને પોસ્ટમાર્ટમ કરેલ છે તે તમામના કયા કયા કારણોસર મૃત્ય થઈ છે તેની રીપોર્ટ સહીતની વિગત. (૮) સદર આપ સાહેબની હોસ્પિટલમાં તા.૩૧/૦૭/૧૯ નાં રોજ કેટલા મૃતદેહોને પોસ્ટમાર્ટમ કરેલ છે તે તમામમાં કયાં લોકોનો આલ્કોહોલ કે ઝેરી દવા પીવાને કારણે મૃત્ય થઈ છે તેની રીપોર્ટ સહીતની વિગત માંગવામાં આવેલ. ત્યારબાદ જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (સ્મીમેર મેડીકલ કોલેજ) દ્વારા સંદર્ભ–(૩) થી અરજદારશ્રીને નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ.ત્યારબાદ અરજદારશ્રી દ્વારા સદર પ્રત્યુત્તરથી નારાજ થઈ સંદર્ભ – (૪) થી કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રે પ્રાપ્ત થયેલ છે.

પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રીની રૂબરૂમાં મૌખિક સુનાવણી થઈ આવવા સંદર્ભ – (૫) થી અરજદારશ્રીને પત્ર પાઠવવામાં આવેલ છે. જેમાં અરજદારશ્રી, મદદનીશ જા.મા.અધિકારીશ્રી(એફ.એમ.ટી.વિભાગ) તેમજ જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રી હાજર રહેલ છે. જે અંગેની રોજકામમાં નોંધ કરવામાં આવેલ છે.

અરજદારશ્રી દ્વારા તા.૨૨/૧૧/૨૦૧૯ થી દાખલ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અન્વયે તા.૦૪/૧૨/૧૯ નાં રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહી " મુદ્દા નં.૨,૩,૪,૬,૭ અને ૮ ની માહિતી બાબતે સુનાવણીમાં આવીને આજ રોજ મારી રજુઆત અંગે અપીલ અધિકારીશ્રીને મારી મુદ્દા અંગે રજુઆત કરી છે કે ઉપર મુજબનાં મુદ્દાની મને માહિતી મળેલ નથી. જે મુદ્દા અંગેની માહિતી મને મળે. " તે મુજબની રજુઆત કરવામાં આવેલ છે.

મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી તેમજ જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રી દ્વારા "મુદ્દા નં.૨,૩,૪,૬,૭ અને ૮ માં માંગવામાં આવેલ માહિતી જે વિવિધ પોલીસ સ્ટેશનોમાં ચાલુ તપાસવાળા કેસો હોવાથી જે તે પોલીસ સ્ટેશનના સત્તાધીશ અધિકારીની પરવાનગી વગર કોઈપણ કેસની માહિતી કોઈપણ પ્રકારના સંજોગોમાં ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી " તે મુજબ રજુઆત કરવામાં આવેલ છે.

ઉપરોક્ત તમામ હકીકતો અવલોકનમાં લેતાં નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવાનો રહે છે.

**હુકમ**

અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી (આઈ.ડી.નં.૦૨/૨૦૧૯–૨૦) અને તા.૦૪/૧૨/૧૯ નાં રોજ કરવામાં આવેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીની રજુઆત અને જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રીની સ્પષ્ટતા ધ્યાને લેતા " મુદ્દા નં.૨,૩,૪,૬,૭ અને ૮ અન્વયે ફકત સંબંધિત પોલીસ સ્ટેશનોનાં નામની માહિતી અરજદારશ્રીને પુરી પાડવા જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને હુકમ કરવામાં આવે છે."

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(બી.સી.ખુંટ)
પ્રથમ અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર
સ્મીમેર મેડીકલ કોલેજ

સ્મીમેર/આઉટ નં.
તા.    /૧૨/૨૦૧૯